બારકોડેડ રેશનકાર્ડમાં સુધારો કરાવવા માટેના
ફોર્મ નમૂનો નં.૬-અ માં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંક:કટક/૧૦૨૦૧૦/૧૧૧/ક (પાર્ટ-૨)
સચિવાલય,ગાંધીનગર
તા.૧૮/૫/૨૦૧૯

વંચાણે લીધો:-
વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૯/૧૨/૨૦૧૫નો ઠરાવ.

આમુખ:-

ઉકત વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના ઠરાવથી બારકોડેડ રેશનકાર્ડ સંબંધિત સુધારેલ અરજી ફોર્મ નં.૨ થી ૧૦ બહાર પાડવામાં આવેલ છે. જેમાં બારકોડેડ રેશનકાર્ડમાં સુધારો કરાવવા માટે(નામ અટકમાં સુધારો અને કલેરીકલ ભૂલ માટે) ના અરજી ફોર્મ નમૂનો નં.૬-અ માં બિડાણ કરાવાના પુરાવામાં દર્શાવ્યા મુજબ અરજદારે નામ, અટક, પિતા/પતિના નામમાં સુધારા કરવા માટે ગેઝેટની સ્વયં પ્રમાણિત નકલ રજૂ કરવાની રહે છે. પરંતુ અનુભવે ધ્યાને આવેલ છે કે, જે અરજદારોને ગેઝેટ કરાવવાની કાર્યપધ્ધતિની સમજ ન હોય તેઓ રેશનકાર્ડમાં સુધારો કરાવવામાં મુશ્કેલી અનુભવે છે. આથી ગેઝેટ ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સામાં અન્ય પુરાવાને રેશનકાર્ડમાં સુધારો કરાવવા માટે માન્ય રાખવાની બાબત સરકારશ્રીની વિચારણામાં હતી.

સુધારા ઠરાવ :-

આમુખની વિગતે સરકારશ્રીની પુખ્ત વિચારણાને અંતે બારકોડેડ રેશનકાર્ડમાં સુધારો કરાવવા માટે(નામ અટકમાં સુધારો અને કલેરીકલ ભૂલ માટે) ના અરજી ફોર્મ નમૂનો નં.૬-અ માં બિડાણ કરવાના પુરાવામાં નામ, અટક, પિતા/પતિના નામમાં સુધારા કરવા માટે ગેઝેટની સ્વયં પ્રમાણિત નકલ રજૂ કરવાનું નિયત કરવામાં આવેલ છે. જેમાં ફેરફાર કરીને હવે ‘‘નામ, અટક, પિતા/પતિના નામમાં સુધારા કરવા માટે ગેઝેટની સ્વયં પ્રમાણિત નકલ પ્રથમ માન્ય દસ્તાવેજી પુરાવા તરીકે રજૂ કરવાનુ રહેશે, વિકલ્પે જો ગેઝેટ ઉપલબ્ધ ન હોય તો અન્ય પુરાવામાં આધાર કાર્ડ, ચૂંટણીકાર્ડ અને ડ્રાઇવીંગ લાયસન્સ પૈકી કોઇ એક પુરાવાની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવી.” તે મુજબ સુધારો કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ ઠરાવનો અમલ ઠરાવની તારીખથી કરવાનો રહેશે. પરંતુ અગાઉના નમૂના મુજબ જે કોઇ અરજીઓ પડતર હોય તે અરજીઓનો નિકાલ ઉપરના સુધારાને

//પાછળ//

ધ્યાને લઇ કરવાનો રહેશે. સદર ફોર્મ ઉપલબ્ધ કરાવવાની કામગીરી નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાની કચેરીએ કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(નયના પટેલ)
નાયબ સચિવ
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

(૧)નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા નિયામકની કચેરી, બ્લોક નં.૧૪, છઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગર.
(૨)સર્વે કલેકટરશ્રીઓ.
(૩)અન્ન નિયંત્રકશ્રી, અન્ન નિયંત્રકશ્રીની કચેરી, અમદાવાદ શહેર, અમદાવાદ.
(૪)સર્વે જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓ.

નકલ જાણ સારૂ રવાના:-

(૧)માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
(૨)માન.મંત્રીશ્રી, અ.ના.પુ.ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
(૩)માન. રાજય કક્ષાના મંત્રીશ્રી, અ.ના.પુ.ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨ સચિવાલય, ગાંધીનગર.
(૪)અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૫)વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/શાખાઓ.
(૬)સીસ્ટમ મેનેજરશ્રી, અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ તરફ સદર ઠરાવની નકલ વેબ પોર્ટલ પર મુકવા સારૂ.
(૭)સીલેક્ટ ફાઇલ.